શ્રી માલદેવજી ઓડેદરા સ્મારક ટ્રસ્ટ સંચાલિત

# ડૉ. વિરમભાઈ રાજાભાઈ ગોઢાણિયા

મહિલા આર્ટ્સ, કોમર્સ, હોમસાયન્સ એન્ડ ઇન્ફર્મેશન ટેકનોલોજી કોલેજ

# જ્યોતિર્ગમય

(દ્વિમાસિક મુખપત્ર)

To, ____________________

____________________

____________________

પ્રકાશક - Books & Publication Division
Dr. V. R. Godhaniya Mahila College, Porbandar.
મુદ્રક : ''ગેલી'' પોરબંદરમાં છપાવી તે જ સ્થળેથી પ્રગટ કર્યું. (૦૨૮૬-૨૨૪૮૦૯૧)
વર્ષ : ૪ - અંક : ૩૦ તા.: જુન/જુલાઈ-૨૦૧૩

## ૧) ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજના રજતજયંતિ મહોત્સવની ભવ્ય ઉજવણી :- મહિલા કોલેજની પ્રથમ બેચની વિદ્યાર્થીની લલિતા ઘોડાદ્રાનું સન્માન તથા સંગીત કાર્યક્રમ અને કવિસંમેલનની અવિસ્મરણીય ઉજવણી




ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજે તા. ૦૧-૦૭-૨૦૧૩ ના રોજ પોતાની સ્થાપનાનાં ૨૫ વર્ષ પૂર્ણ કર્યા છે. તે નિમિતે મહિલા કોલેજમાં 'સ્થાપનાદિન-રજતજયંતિ મહોત્સવ' ની ભવ્ય ઉજવણી કરવામાં આવી. સ્થાપનાદિનની સુરમ્ય સવાર અને સલુણી સંધ્યાને સંગીતના સથવારે મેઘધનુષી બનાવવામાં આવી. જેમાં સવારના સમયે યોજાયેલા કાર્યક્રમમાં કોલેજના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી અર્જુનભાઈ મોઢવાડીયા તથા ટ્રસ્ટીશ્રી શ્રીમતી શાંતાબહેન ઓડેદરા ખાસ હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત મહિલા કોલેજની B.A.Sem-5 ની વિદ્યાર્થીની કુ. બિનીતા મહેતા દ્વારા સરસ્વતી સ્તુતિ તથા દિપપ્રાગટ્યથી કરવામાં આવી. ત્યારબાદ મહિલા કોલેજના પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગરસાહેબે સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું કે, તા. ૦૧-૦૭-૧૯૮૮ ના રોજ જેનો મંગલપ્રારંભ કરવામાં આવ્યો હતો, તે ડૉ. વી.આર. ગોઢ ણિયા મહિલા કોલેજ આ ૨૫ વર્ષના સમયગાળા દરમ્યાન એક વટવૃક્ષ બની ચૂકી છે. આ સમય દરમ્યાન કુલ ૧૮,૦૦૦ કરતા પણ વધુ વિદ્યાર્થીનીઓ આ કોલેજમાંથી સ્નાતક થઈ ચૂકી છે. સાથોસાથ તેમણે સંસ્થાની સ્થાપના માટે પ્રયાસો કરનાર તમામ આદરણીય મહાનુભાવોનાં પ્રદાનને યાદ કર્યું હતું.

આ પછી તરત જ કોલેજની પ્રથમ બેચની વિદ્યાર્થીની તથા આજની ગીત-સંગીતનાં વિશ્વની જાણીતી કલાકાર લલિતા ઘોડાદ્રાનું કોલેજના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી અર્જુનભાઈ મોઢવાડીયાના વરદ હસ્તે સ્વાગત તથા સન્માન કરવામાં આવ્યું. સાથે જ કોલેજના ૨૫મા બેચની B.Com.Sem-6 ની તેજસ્વી વિદ્યાર્થીની કુ. કોશા ઓઝા- કે જે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની પરિક્ષાઓમાં, કોમર્સ ફેકલ્ટીમાં ટોપટેન વિદ્યાર્થીનીઓમાં દસમાં ક્રમે ઉત્તીર્ણ થઈ છે. તેનું સન્માન સંસ્થાના ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણાના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ પછી મહિલા કોલેજના નિવૃત થઈ રહેલા કર્મચારીઓ- પ્રા. ઈલાબહેન વજરીયાનું સન્માન ટ્રસ્ટીશ્રી શ્રીમતિ શાંતાબહેન ઓડેદરાના વરદ હસ્તે તથા ઓફિસ સુપ્રિન્ટેન્ડેન્ટ (O.S.) શ્રી બાલકૃષ્ણભાઈ ઉપાધ્યાયનું સન્માન, મેનેજીંગ ટ્રસ્ટીશ્રી અર્જુનભાઈ મોઢવાડીયા વરદ હસ્તે કરવામાં આવ્યું.




પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં શ્રીમતી શાંતાબહેન ઓડેદરાએ જણાવ્યું કે, 'આજે કોલેજમાં સુભગ સમન્વયનો દિવસ છે. પ્રથમ બેચની અને ૨૫ મા બેચની વિદ્યાર્થીનીઓનું એકસાથે સન્માન થઈ રહ્યું છે તથા નિવૃત થઈ રહેલા કર્મચારીઓને વિદાયમાન આપવાની સાથે કોલેજના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલી વિદ્યાર્થીનીઓને આવકારવાનો પણ આ કાર્યક્રમ છે. આ સાથે તેમણે કોલેજની તમામ દિકરીઓને ખૂબ આશીર્વચનો પાઠવ્યાં હતા. મેનેજીંગ ટ્રસ્ટીશ્રી અર્જુનભાઈએ પોતાનાં પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સંસ્થાની વિકાસયાત્રાનાં સ્મરણો તાજા કર્યા હતા અને વિદ્યાર્થીનીઓને જણાવ્યું હતું કે, 'આ સંસ્થામાં વિકાસ સાધવા માટે અનેક તકો રહેલી છે. તેનો લાભ ઉઠાવો અને તમારા વ્યક્તિત્વનો વિકાસ સાધો.'

આ પછી તરત જ સ્વર સામ્રાજ્ઞી લલિતા ઘોડાદ્રાનો કાર્યક્રમ શરૂ કરાયો. જેમાં તેણે ૨૫ કરતા પણ વધુ ગીતો પોતાના સુરીલા અવાજમાં પોતાના સાજિંદાઓની સાથે રહીને રજુ કર્યા તથા કાર્યક્રમમાં હાજર તમામ આદરણીય મહાનુભાવો, વડીલો, કોલેજના કર્મચારીગણ તથા વિદ્યાર્થીનીઓને ભાવવિભોર બનાવી દીધાં આજે રાજકોટમાં સ્થાયી થયેલી ગોઢાણિયા કોલેજની આ ભૂતપૂર્વ વિદ્યાર્થીની કોલેજના આમંત્રણને માન આપીને ખાસ આ કાર્યક્રમ રજુ માટે જ પોરબંદર આવી હતી અને કાર્યક્રમ રજુ કરતા અત્યંત ભાવવિભોર અને આનંદિત બની હતી. કોલેજના સૌ સભ્યોને મળીને તેણે પોતાના અભ્યાસકાળનાં સ્મરણો કર્યા હતા. આજે તે વિદેશમાં પણ પોતાના સંગીતના કાર્યક્રમો રજુ કરી ચુકી છે અને તેણે ઘણી નામના મેળવી છે. અંતમાં, કાર્યક્રમની આભારવિધિ મહિલા કોલેજના વાઈસ પ્રિન્સીપાલશ્રી કગથરાસાહેબે કરી હતી. કાર્યક્રમનું સંચાલન B.Com.Sem-5 ની વિદ્યાર્થીની કુ. પ્રાર્થના જાની તથા B.Com.Sem-3 (અંગ્રેજી માધ્યમ) ની વિદ્યાર્થીની કુ. નિમિષા જાદવ એ સુંદર રીતે કર્યું હતું.

સાંજના સમયમાં કવિ સંમેલનનો કાર્યક્રમ ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજ તથા 'રોટરી કલબ ઓફ પોરબંદર'ના સંયુક્ત ઉપક્રમે રજુ કરવામાં આવ્યો. જેમાં ગુજરાતના જાણીતા કવિશ્રીઓ- શ્રી ચિનુ મોદી, શ્રી રાજેન્દ્ર શુકલ, શ્રી ચાવર કાદરી, શ્રી મહેન્દ્ર જોષી, શ્રી સંજુભાઈ વાળા, શ્રી ઘનશ્યામભાઈ રાઠોડ, શ્રી પૂર્વી ઓઝા તથા શ્રી નિર્સગ આહિર ખાસ પધાર્યા હતા. આ 'કાવ્યપર્વ' કાર્યક્રમમાં પોરબંદરના કાવ્યરસિકો મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા. આ કાર્યક્રમની શરૂઆત પણ કુ. બિનીતા મહેતા દ્વારા સરસ્વતી સ્તુતિ રજુ કરીને કરવામાં આવી. તમામ કવિશ્રીઓને શબ્દોથી અને પુષ્પોથી સન્માનિત કરવામાં આવ્યા. જેમના સ્વાગત પ્રવચનમાં મહિલા કોલેજના પ્રિન્સીપાલશ્રી ડૉ. નાગરસાહેબે પોતે પણ ગોઢ ણિયા શૈક્ષણિક સંકુલ માટે સ્વરચિત કાવ્ય રજુ કરી સૌને આનંદ વિભોર બનાવ્યા હતા. આ પછી તમામ કવિશ્રીઓને શિલ્ડ અર્પણ કરી સન્માનિત કરાયા હતા. આ પછી તરત જ મહિલા કોલેજના હિન્દી વિભાગના અધ્યક્ષ ડૉ. એમ.એન. વાઘેલાનાં પુસ્તક 'માખનલાલ ચતુર્વેદી ઔર ઝવેરચંદ મેઘાણી કી કવિતાઓ મેં રાષ્ટ્રીય ચેતના'નું વિમોચન તમામ કવિશ્રીઓ તથા પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગરસાહેબ તથા ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણાના વરદ હસ્તે કરવામાં આવ્યું.

આ પછી તમામ કવિશ્રીઓએ પોતાની સુંદર કાવ્યરચનાઓથી સૌને રસતરબોળ કર્યા. આ કાર્યક્રમમાં પણ તમામ શ્રોતાજનોએ ખુબ આનંદ માણ્યો. 'કાવ્યપર્વ' કાર્યક્રમની આભારવિધિ ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણાએ કરી. કાર્યક્રમનું સંચાલન કવિશ્રી નિસર્ગ આહિર તથા મહિલા કોલેજના પ્રા.ડૉ. એમ.એન. વાઘેલાસાહેબે સુંદર રીતે કર્યું હતું.

## ૨. શૈક્ષણિક વર્ષ-૨૦૧૩-૧૪ના પ્રારંભે પ્રવેશોત્સવ કાર્યક્રમ

મહિલા કોલેજમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪ના પ્રથમ દિવસ તા. ૨૧-૦૬-૨૦૧૩ના રોજ, 'પ્રવેશોત્સવ કાર્યક્રમ' નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહિલા કોલેજની કોઈપણ વિદ્યાશાખામાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલી વિદ્યાર્થીનીઓ કોલેજની પરંપરાથી માહિતગાર બને તથા કોલેજના પ્રાધ્યાપકગણથી પરિચિત થાય તે હેતુથી દરેક વિદ્યાશાખા તેમજ દરેક વિભાગના અધ્યક્ષ દ્વારા પોતાના વિભાગના પ્રાધ્યાપકશ્રીઓ તથા વિષયસંબંધિત માહિતિ પુરી પાડવામાં આવી. આ પછી મહિલા કોલેજના વાઈસ પ્રિન્સીપાલશ્રી કગથરા સાહેબે કોલેજમાં ચાલતી સપ્તધારા તથા સ્પર્ધાત્મક પ્રવૃતિઓ અંગેની માહિતિ પુરી પાડી.

મહિલા કોલેજના ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણાએ સંસ્થાનો પરિચય આપ્યો તથા વિદ્યાર્થીનીઓને ખુબ મહેનત કરવા તથા સફળતા પ્રાપ્ત કરવા પ્રોત્સાહિત કરી. સંસ્થાના પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગરસાહેબે મહિલા કોલેજમાં પ્રાપ્ત શૈક્ષણિક સુવિધાઓ તથા સંસ્થાના ચલાવાતા વિવિધ ટુંકાગાળાના તથા વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો અંગેની માહિતિ પુરી પાડવામાં આવી. અંતમાં, રાષ્ટ્રગીતનાં સમુહગાન સાથે કાર્યક્રમ સંપન્ન કરવામાં આવ્યો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન મહિલા કોલેજની B.Com.Sem-5 ની વિદ્યાર્થીનીઓ કુ. મિનલ તથા કુ. પાયલએ સુંદરરીતે કર્યું હતું.

## ૩. શૈક્ષણિક વર્ષ ૨૦૧૨-૧૩ની તેજસ્વી વિદ્યાર્થીનીઓને અભિનંદન

એપ્રિલ-૨૦૧૩માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટએ, શૈક્ષણિક વર્ષ ૨૦૧૦-૧૧ થી શરૂ કરેલી નવી અભ્યાસ પદ્ધતિ Semestar System નો પ્રથમ બેચ સ્નાતક ડિગ્રી સાથે તૈયાર થયો. જેનું પરિણામ C.G.P.A. (Commulative Grade Point Average) એટલે કે, ત્રણેય વર્ષના છ સેમેસ્ટરના પરિણામની સરેરાશ મુજબ જાહેર કરવામાં આવ્યું.

તેજસ્વી વિદ્યાર્થીનીઓ:-



(આર્ટ્સ ફેકલ્ટી) ધર્મિષ્ઠા પોસ્તરીયા (સમાજશાસ્ત્ર) ૪૬૦૦ માંથી ૩૫૬૯ ગુણ (૭૭.૫૮%)



(કોમર્સ ફેકલ્ટી) કોશા ઓઝા-૪૪૦૦ માંથી ૩૬૪૨ ગુણ (૮૩.૪૦%)



(હોમ સાયન્સ) સંતોક બોખીરીયા - ૪૪૦૦ માંથી ૩૫૬૨ ગુણ (૮૪.૮૧%)

### (૧) આર્ટ્સ ફેકલ્ટીઃ-

૨) કુ. નિશીતા ખોખરી (અર્થશાસ્ત્ર) ૪૬૦૦ માંથી ૩૫૩૫ ગુણ (૭૬.૮૪%)

૩) કુ. ધારા ભારદ્વાજ (સંસ્કૃત) ૪૬૦૦ માંથી ૩૫૩૩ ગુણ (૭૬.૮૦%)

### (૨) કોમર્સ ફેકલ્ટી :-

૨) કુ. બંસી માખેચા -૪૪૦૦ માંથી ૩૬૦૫ ગુણ (૮૧.૪૩%)

૩) કુ. હેમા સામાણી - ૪૪૦૦ માંથી ૩૫૮૧ ગુણ (૮૧.૩૮%)

### (૩) હોમસાયન્સ ફેકલ્ટી :-

૨) કુ. શબાના હાલાઈપોત્રા - ૪૪૦૦ માંથી ૩૪૮૯ ગુણ (૮૩.૦૭%)

૩) કુ. મીરા કારીયા - ૪૪૦૦ માંથી ૩૩૨૧ ગુણ (૭૯.૦૭%)

ડૉ. વી. આર. ગોઢાણિયા મહિલા કૉલેજની ત્રણેય વિદ્યાશાખાઓમાં C.G.P.A. અનુસાર પ્રથમ ત્રણ નંબર પ્રાપ્ત કરનાર ઉપરની તમામ

વિદ્યાર્થીનીઓને ડૉ. વી. આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલના પ્રમુખ શ્રી ડૉ. વિરમભાઈ ગોઢાણિયા મેનેજીંગ ટ્રસ્ટીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા તમામ ટ્રસ્ટીશ્રીઓ, પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગર સાહેબ, વાઈસ પ્રિન્સિપાલશ્રી કગથરા સાહેબ, પ્રાધ્યાપક ગણ, વહીવટી કર્મચારીઓ તથા સમગ્ર કોલેજ પરિવાર વતી ખૂબ ખૂબ અભિનંદન. ત્રણેય વિદ્યાશાખાની પ્રથમ નંબર મેળવેલી વિદ્યાર્થીનીઓને જાન્યુઆરી - ૨૦૧૪માં યોજનાર વાર્ષિકોત્સવમાં શ્રીમતિ જયશ્રીબહેન વિરમભાઈ ગોઢાણિયા ગોલ્ડ મેડલથી સન્માનિત કરવામાં આવશે.

## (૪) ડૉ. ગોઢાણિયા મહિલા કોલેજમાં બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન

ડૉ. ગોઢાણિયા મહિલા કોલેજમાં 'શ્રી આશા ચિલ્ડ્રન હોસ્પીટલ' તથા 'લાયન્સ કલબ ઓફ પોરબંદર' ના સહયોગથી એક બ્લડ ડોનેશન કેમ્પ તથા બ્લડ ગ્રુપિંગના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં મહિલા કોલેજની વિદ્યાર્થીઓએ ઉમંગભેર ભાગ લીધો હતો. મહિલા કોલેજના પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગરસાહેબ તથા ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણાએ પણ રકતદાન કર્યું હતું. કેમ્પના અંતે ૧૨૫ સી.સી. જેટલું લોહી એકત્ર થયું હતું. જે થેલેસેમીયાના બાળદર્દીઓની સારવાર ઉપયોગી બનશે. આ કાર્યમાં ૨૫ વિદ્યાર્થીનીઓએ સ્વયંસેવિકા તરીકે ભૂમિકા અદા કરી હતી.

## (૫) ગોઢાણિયા મહિલા કોલેજમાં થેલેસેમિયા ટેસ્ટનું આયોજન

ડૉ. ગોઢાણિયા મહિલા કોલેજમાં હેલ્થ સેન્ટરમાં કાર્યરત ડૉ. જયશ્રીબહેનનાં નેતૃત્વ નીચે તા. ૩૦-૦૭-૨૦૧૩ ના રોજ કોલેજમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલી વિદ્યાર્થીનીઓ માટે થેલેસેમિયા ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીનીઓમાં થેલેસેમિયા અંગેની જાગૃતિ આવે તે હેતુથી 'નેચર કલબ પોરબંદર'ના પ્રમુખશ્રી ડૉ. નીતિનભાઈ પોપટના વ્યાખ્યાનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ થેલેસેમિયા ટેસ્ટ માટે રાજકોટની 'LIFE' સંસ્થાના સભ્યોની ટીમ ખાસ આ કાર્ય માટે ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજ, પોરબંદર ખાતે આવી હતી.

આ ટેસ્ટ માટે મહિલા કોલેજની '૪૫૪' વિદ્યાર્થીનીઓના થેલેસેમિયા ટેસ્ટ માટેના 'C.B.C.' અને 'H.P.L.C.' એમ બંને પ્રકારના સ્પેશ્યલ ટેસ્ટ કરવા માટેના નમૂનાઓ લેવામાં આવ્યા હતા. સાથોસાથ વિદ્યાર્થીનીઓનું બ્લડગ્રુપિંગ પણ વિનામૂલ્યે કરી આપવામાં આવ્યું હતું.

આ ટેસ્ટ માટે પોરબંદર શહેરમાંથી ડૉ. નીતિનભાઈ પોપટ તથા તેમના સાથીદારોનો અમૂલ્ય સહકાર પ્રાપ્ત થયો હતો. આ સમયે પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગરસાહેબ, વાઈસ પ્રિન્સિપાલશ્રી કગથરાસાહેબ તથા હેલ્થ સેન્ટરના કન્વીનરશ્રી ડૉ. કેતનભાઈ શાહ તથા સભ્યશ્રી ભારતીબહેન શીંગરખીયાએ પણ માર્ગદર્શન પુરૂં પાડયું હતું.

## લાઈબ્રેરી સમિતિ અંતર્ગત પ્રવૃતિ :-

ડૉ. ગોઢાણિયા મહિલા કોલેજમાં કાર્યરત 'લાઈબ્રેરી સમિતિ' દ્વારા તા. ૨૫-૭-૧૩ના રોજ એક નિબંધસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો વિષય હતો - 'મારું પ્રિય પુસ્તક'

જેના વિજેતાઓ :

૧) પ્રથમ - કુ. તૃષ્ણા ડી. પરમાર
૨) દ્વિતીય - કુ. નયના આર. મકવાણા
કુ. આરતી આર. રાઠોડ
૩) તૃતીય - કુ. અનિતા બી. ખુંટી

હતા.

આ સ્પર્ધામાં નિર્ણાયકશ્રી તરીકે પ્રા. વર્ષાબહેન બી. જોષીએ પોતાની સેવાઓ આપી હતી.

## (૭) યુથ રેડક્રોસ અંતર્ગત થયેલ પ્રવૃતિઓ :

૧) તા. ૦૯/૦૭/૧૩ ના રોજ 'લાયન્સ કલબ ઓફ પોરબંદર' તથા 'આશા ચિલ્ડ્રન હોસ્પીટલ - પોરબંદર' સંયુકત ઉપક્રમે, ડૉ. ગોઢાણિયા કોલેજમાં એક 'બ્લડ ડોનેશન કેમ્પ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીનીઓ દ્વારા ૧૨૫ સી.સી. લોહી એકત્ર કરીને દાનમાં અપાયું હતું.

૨) તા. ૨૯/૭/૧૩ ના રોજ 'લઘુ કુટિરઉદ્યોગ' અંગે એક સેમિનારનું આયોજન કરાયેલું. જેમાં M.S.M.E.-Rajkot માંથી શ્રી શાહ સાહેબ તથા પ્રસાદસાહેબ આ કાર્યક્રમ માટે ડૉ. વી.આર. ગોઢાણિયા કોલેજ ખાતે આવેલ હતા. તેમણે વિદ્યાર્થીનીઓને લઘુઉદ્યોગો અંગે વિસ્તૃત માહિતિ પુરી પાડી હતી તથા વિદ્યાર્થીનીઓના પ્રશ્નોના સંતોષકારક ઉતરો પણ આપ્યા હતા. આ કાર્યક્રમમાં કોલેજ ખાતેના યુથ રેડક્રોસના પ્રોગ્રામ ઓફિસર ડૉ. ચેતનાબહેન બેચરાએ સ્વાગત પ્રવચન તથા આભારવિધિ કરેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મહિલા કોલેજની B.Com. Semester-5 ની વિદ્યાર્થીનીઓ કુ. મિનલ રાઠોડ તથા કુ. પ્રાર્થના જાનીએ સુંદરરીતે કર્યું હતું. કાર્યક્રમની વ્યવસ્થામાં કુ. નિધિ ગિરનારી તથા કુ. રવિના પરમારએ યોગદાન આપ્યું હતું.

## (૮) C.C.D.C./UDISHA અંતર્ગત થયેલ પ્રવૃતિઓ :-

૧) ડૉ. વી.આર. ગોઢાણિયા કોલેજ-પોરબંદર ખાતે કાર્યરત Career Counselling & Development Centre તથા UDISHA અંતર્ગત તા. ૦૮-૦૬-૨૦૧૩ ના રોજ, Param Institute of Management and Research' ના સહયોગથી એક 'ઓપન પોરબંદર કારકિર્દી માર્ગદર્શન સેમિનાર' નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વકતા તરીકે શ્રીમતી જ્યોતિબહેન મારૂ દ્વારા સ્નાતક કક્ષાના વિવિધ અભ્યાસક્રમો અંગેની માહિતી પુરી પાડવામાં આવી હતી. આ કાર્યક્રમમાં આશરે ૨૦ જેટલા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ પોતાના વાલીઓ સાથે હાજરી આપી હતી.

૨) C.C.D.C./UDISHA અંતર્ગત તા. ૨૮-૦૬-૨૦૧૩ના રોજ એક માર્ગદર્શક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોમર્સ ફેકલ્ટી વિદ્યાર્થીનીઓએ C.A. ડિગ્રી માટે માર્ગદર્શન પુરૂં પાડવામાં આવ્યું. આ કાર્યક્રમમાં મુખ્ય વકતા તરીકે શ્રી માધવ દાસાણીએ વિદ્યાર્થીનીઓને માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં '૮૨' વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.

૩) તા. ૦૬-૦૭-૨૦૧૩ના રોજ વિદ્યાર્થીનીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓથી માહિતગાર કરવા માટે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં જનરલ નોલેજ અંગેની સ્પર્ધાત્ક પરીક્ષાના ફોરમની રચના કરવામાં આવી. જેમાં નિર્ધારિત વિષયોની કસોટીઓ લઈ વિદ્યાર્થીનીઓને સજ્જ કરવામાં આવે એવા પ્રયાસો કરવાનું નક્કી કરાયું. આ ફોરમનું નામ G.K.C.E.F. (General Knowledge Competitive Exam Forum) આપવામાં આવ્યું અને P.P.T. દ્વારા પ્રત્યેક વિષય તથા પરીક્ષાઓનું માળખું વિદ્યાર્થીનીઓને સમજાવવામાં આવ્યું. જેમાં મુખ્ય વકતા તરીકે શ્રી કલ્પનાબહેન જોષીએ વિદ્યાર્થીનીઓને માર્ગદર્શન પુરૂં પાડયું હતું તથા પ્રિ.શ્રી ડૉ. નાગરસાહેબે વિદ્યાર્થીનીઓને આવી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભાગ લેવા તથા ઉત્તમ ગુણાંક સાથે સફળ થવા માટે પ્રોત્સાહન પુરૂં પાડયું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન B.Com.sem-5 ની વિદ્યાર્થીનીઓ કુ. મિનલ રાઠોડ તથા કુ. પ્રાર્થના જાનીએ કર્યું હતું. આ કાર્યક્રમમાં પ્રા. ઈલાબહેન વજરીયા, પ્રા. વર્ષાબહેન જોષી તથા પ્રા. ડૉ. ભાવનાબહેન કેશવાલા ઉપસ્થિત રહ્યા હતા.

## (૯) એન.એસ.એસ. અંતર્ગત થયેલ પ્રવૃતિઓ :-

૧) શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪ ના પ્રારંભે એન.એસ.એસ. અંતર્ગત પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવમાં આવી. જેમાં યુનિટ-૧ અને ૨ માં કુલ મળીને ૩૧૦ વિદ્યાર્થીનીઓ જોડાઈ છે.
૨) તા. ૦૯-૦૭-૨૦૧૩ ના રોજ 'લાયન્સ કલબ ઓફ પોરબંદર' તથા 'આશા ચિલ્ડ્રન હોસ્પીટલ-પોરબંદર'ના સંયુકત ઉપક્રમે ડૉ. ગોઢાણિયા મહિલા ખાતે એક 'બ્લડ ડોનેશન કેમ્પ' નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૧૨૫ સી.સી.બ્લડ દાનમાં અપાયું હતું.
૩) તા. ૨૬-૦૭-૨૦૧૩ ના રોજ એન.એસ.એસ. અંતર્ગત એક 'Essay Competition' તથા 'Friendship card Competition' નું આયોજન કરવામાં આવ્યું હતું.

## (૧૦) સપ્તધારા અંતર્ગત થયેલ પ્રવૃતિઓ :-

### ૧) જ્ઞાનધારા :-
૧) તા. ૨૨-૬-૧૩ના રોજ જ્ઞાનધારાની પ્રવૃતિઓનો શુભારંભ કરાયો તથા જ્ઞાનધારા અંતર્ગત વર્ષ દરમ્યાન કરવામાં આવતી પ્રવૃતિઓ અંગેની માહિતિ વિદ્યાર્થીનીઓને પુરી પાડવામાં આવી.
૨) સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય-ભારતસરકાર દ્વારા આયોજિત 'Dr. Ambedkar Foundation National Essay Competition-2013' અંગે વિદ્યાર્થીનીઓને જરૂરી માહિતી તથા આ સ્પર્ધામાં ભાગ લેવા માટેનું માર્ગદર્શન ડૉ. પ્રા. રેખાબહેન મોઢા તથા ડૉ. ગીતાબહેન ઉનડકટ દ્વારા પુરૂં પાડવામાં આવ્યું.
૩) ગુજરાતી શબ્દકોશમાંથી વિદ્યાર્થીનીઓ દ્વારા શબ્દોનું પઠન કરીને, કોલેજનાં નોટિસબોર્ડ ઉપર શબ્દોની અભિવ્યકિત કરવામાં આવી.
૪) શ્રી ભગવદ ગોમંડળમાંથી વિદ્યાર્થીનીઓ દ્વારા શબ્દોનું પઠન કરવામાં આવ્યું.
૫) 'વિશ્વ વસ્તી દિન'ની ઉજવણી નિમિતે 'વસ્તીની સમસ્યા' અંગે વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ થયેલા લેખોનું વાંચન કરવામાં આવ્યું.
૬) 'વાંચે ગુજરાત' અંતર્ગત પુસ્તકો તરતાં મુકવામાં આવ્યા તથા વિદ્યાર્થીનીઓને 'પુસ્તકોનું વાંચન કરીને પોતાના પ્રતિભાવો કઈ રીતે રજુ કરી શકાય ?' તે અંગેનું માર્ગદર્શન પુરૂં પાડવામાં આવ્યું.

### ૨) ગીત-સંગીત નૃત્યધારા :-
૧) B.Com. (અંગ્રેજી માધ્યમ) ની વિદ્યાર્થીની કુ. નાથી મોઢવાડીયા દ્વારા બાળગીતો રજુ કરવામાં આવ્યા.
૨) પોરબંદરના જાણીતા કલાકાર શ્રી વજુભાઈ પરમાર દ્વારા શૌર્ય ગીતો, પ્રભાતિયાં, લોકગીતો તથા દુહાઓ રજુ કરવાનો કાર્યક્રમ યોજાયો. જેમાં શ્રી નરસિંહ મહેતા અને મીરાંબાઈ જેવા ભકતોને તથા નર્મદ અને શ્રી ઝવેરચંદ મેઘાણી જેવા કવિઓને યાદ કરવામાં આવ્યા.
૩) B.Com. (અંગ્રેજી માધ્યમ) ના ડાયરેકટર શ્રી પ્રા. રાકેશભાઈ કક્કડનું 'પદ્ય સાહિત્ય' ઉપર આધારીત વ્યાખ્યાન ગોઠવવામાં આવ્યું. જેમાં પ્રા. રાકેશભાઈએ બાળગીતો, ગઝલ, ઋતુકાવ્યો, ઉપરાંત, ગુજરાતી અને હિન્દી ભાષામાં લખાયેલા ગીતોનાં અનેક પ્રકારો સાથે સંબંધિત માહિતિ લય સાથે રજુ કરી તથા વિદ્યાર્થીનીઓને પણ ગીત ગાવાનું પ્રોત્સાહન આપી પ્રત્યક્ષ અનુભવ કરાવ્યો હતો.

### ૩) સર્જનાત્મક અભિવ્યકિતધારા :-
૧) તા. ૨૫/૦૬/૨૦૧૩ ના રોજ સર્જનાત્મક અભિવ્યકિતધારાની પ્રવૃતિઓનું ઉદ્દ્ઘાટન આ ધારાના પ્રાધ્યાપકશ્રીઓ તથા વિદ્યાર્થીનીઓ દ્વારા કરવામાં આવ્યું.
૨) સર્જનાત્મક અભિવ્યકિતધારા અંતર્ગત કરવામાં આવતી વિવિધ પ્રવૃતિઓની રૂપરેખા વિદ્યાર્થીનીઓને પુરી પાડવામાં આવી.
૩) એક Expert Lecture નું આયોજન કરવામાં આવ્યું. જેમાં ડૉ. ગોઢાણિયા મહિલા કોલેજના ઉદીશા તથા કારકીર્દિ માર્ગદર્શન કેન્દ્રના કન્વીનરશ્રી કલ્પનાબહેન જોષીએ 'Competitive Exam' સાથે સંબંધિત માહિતિસભર વ્યાખ્યાન આપ્યું.
૪) 'કાવ્યપઠન સ્પર્ધા' એની માહિતિ અને માર્ગદર્શન વિદ્યાર્થીનીઓને પુરાં પાડવામાં આવ્યો.
૫) 'સર્જનાત્મક અભિવ્યકિતધારા' માં કાર્યરત પ્રાધ્યાપકશ્રીઓ-ડૉ. કેતનભાઈ શાહ તથા પ્રા. વર્ષાબહેન જોષીનાં માર્ગદર્શન હેઠળ કાવ્યપઠન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૨૦ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો જેના વિજેતાઓ...

પ્રથમ- કુ. દક્ષા ડી. ઓડેદરા (B.A.sem-3) તથા કુ. વર્ષા પી. થાનકી (B.A.sem-3)
દ્વિતીય - કુ. નયના આર. મકવાણા (B.A.sem-5)
તૃતીય - કુ. શીતલ વી. જમરીયા (B.A.sem-5) તથા કુ. નિર્મલા એમ. ગાગલીયા (B.A.sem-5)
જાહેર થયા.
૬) વિદ્યાર્થીનીઓને 'વાર્તાલેખન' અંગે માર્ગદર્શન પુરૂં પાડવામાં આવ્યું.

**૪) રંગકલાકૌશલ્ય ધારા :-**

૧) વિદ્યાર્થીનીઓમાં રહેલી કલાઓને બહાર લાવીને તેને યોગ્ય નિખાર આપવા માટે શ્રી દિનેશભાઈ પોરીયાનાં માર્ગદર્શન નીચે ત્રણ મહિના માટેના Drawing Classes ની શરૂઆત કરવામાં આવી.

૨) Crossico Work નું આયોજન અને પ્રદર્શન- શ્રી રિદ્ધિબહેન શીલુ દ્વારા કરવામાં આવ્યું. જેમાં જુદા પ્રકારના ૫૦ જેટલા નમૂનાઓ પ્રદર્શિત કરવામાં આવ્યા.

૩) મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૫૦ જેટલી બહેનોએ ઉત્સાપૂર્વક ભાગ લીધો હતો.

**૫) સામુદાયિક સેવાધારા :-**

૧) તા. ૨૮/૦૬/૨૦૧૩ ના રોજ સામુદાયિક સેવાધારાની પ્રવૃતિઓનો પ્રારંભ કરવામાં આવ્યો તથા વિદ્યાર્થીનીઓને 'સામુદાયિક સેવાધારા' અંતર્ગત સમગ્ર વર્ષ દરમ્યાન કરવામાં આવતી પ્રવૃતિઓ અંગે માહિતિ પુરી પાડવામાં આવી.

૨) Tailoring and Cutting સાથે સંબંધિત એક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું.

૩) 'વિશ્વ' વસ્તી દિન' ની ઉજવણી નિમિતે 'વસ્તી સમસ્યા' સાથે સંબંધિત 'સ્લોગન વાંચન' નો કાર્યક્રમ કરવામાં આવ્યો.

**૬) નાટ્યધારા :-**

૧) તા. ૨૨-૦૬-૨૦૧૩ ના રોજ નાટ્યધારાની પ્રવૃતિઓનો શુભારંભ કરવામાં આવ્યો. વિદ્યાર્થીનીઓને નાટ્ય તથા અભિનયકલા અંગે પ્રોત્સાહન પુરૂં પાડવામાં આવ્યું.

૨) Expert Lecture નું આયોજન કરાયું. જેમાં પોરબંદરના જાણીતા નાટ્યકાર શ્રી ચેતનભાઈ દવે દ્વારા નાટકના વિવિધ પ્રકારના સંબંધિત ઉપયોગી માહિતિ પુરી પાડવામાં આવી.

**૭) ખેલકુદ-યોગ-વ્યાયામધારા :-**

૧) ખેલકુદ, યોગ, વ્યાયામધારા અંતર્ગત બેડમિન્ટન, ટેબલટેનિસ, ક્રિકેટ, જુડો વગેરે રમતો માટેની ટીમો બનાવીને તેમની પ્રેકટીસ શરૂ કરવામાં આવી. જેથી આંતરકોલેજ સ્પર્ધાઓ તથા તેનાથી ઉચ્ચ સ્તરની સ્પર્ધાઓમાં વિદ્યાર્થીનીઓ ઉત્કૃષ્ટ દેખાવ કરી શકે.

૨) 'પ્રાણાયામ' વિષય પર એક Expert Lecture નું આયોજન કરાયું. જેમાં શ્રી દિપકભાઈ Art of Living-Porbandar એ વિદ્યાર્થીનીઓને માહિતિસભર વ્યાખ્યાન આપ્યું.

## ૧૧) અભ્યાસવર્તુળ અંતર્ગત થયેલ પ્રવૃતિઓ :-

### ૧) અંગ્રેજી અભ્યાસ વર્તુળ :

૧) વકતૃત્વ સ્પર્ધા તા. ૧૮-૦૭-૨૦૧૩

વિષય :- મહાત્મા ગાંધી , ડૉ. આંબેડકર તથા શ્રી અરવિંદ ઘોષનું સ્વાતંત્ર્ય સંગ્રામમાં યોગદાન

વિજેતાઓ -૧) નિયતિ દલાલ-B.Com.-sem-1

૨) ખુશાલી જોષી-B.A.-sem-5

૩) બંસરી ગોરસિયા-B.A.-sem-5

૪) નગ્મા બ્લોચ-B.A.-sem-5

નિર્ણાયકશ્રી - શ્રી કલ્પનાબહેન જોષી

### ૨) હિન્દી અભ્યાસવર્તુળ :-

૧) B.A. (મુખ્ય વિષય હિન્દી) સેમે. ૫ ની વિદ્યાથનીઓ પાસે હિન્દી સાહિત્યકારો તથા સામાન્યજ્ઞાન સાથે સંબંધિત ભીંતપત્રો તૈયાર કરાવવામાં આવ્યા.

૨) 'Friendship Day' ના અનુસંધાને વર્ગખંડમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં 'મૈત્રી' ને અનુલક્ષીને લખાણ તથા કાવ્યોનું પઠન કરવામાં આવ્યું તથા Power Point Presentation પણ કરવવામાં આવ્યું.

### ૩) સંસ્કૃત અભ્યાસ વર્તુળ :-

૧) તા. ૧/૭/૧૩ સંસ્કૃત સાહિત્ય સાથે સંબંધિત Short Term Course - 'સંસ્કૃત વાગ્વ્યવહાર' શરૂ કરવામાં આવ્યો. જેનો સમયગાળો ત્રણ માસનો છે. આ કોર્ષના પ્રા. શ્રી શૈલેષભાઈ મહેતા તથા કો.ઓર્ડિનેટર ડૉ. ગીતાબહેન ઉનડકટ છે.

૨) 'સંસ્કૃત સુલેખન સ્પર્ધા' નું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિજેતાઓ...

પ્રથમ-કુ. નયના મકવાણા B.A.sem-5

દ્વિતીય-કુ. વર્ષા થાનકી B.A.sem-3

તૃતીય-કુ. પાયલ વીંઝુડા B.A.sem-3

જેમાં નિર્ણાયકશ્રી તરીકે ડૉ. ગીતાબહેન ઉનડકટે સેવાઓ આપી.

૩) 'નિબંધ સ્પર્ધા' - 'માનવજીવનમાં ગુરૂનું મહત્વ' નું આયોજન કરાયું હતું. જેના વિજેતાઓ...

પ્રથમ-કુ. સીમા કારેણા B.Com.sem-5

દ્વિતીય-કુ. નયના મકવાણા B.A.sem-5

તૃતીય-કુ. અનિતા ખુંટી B.A.sem-5

તથા કુ. શેરીયા રામાણી B.Com.sem-5

જેમાં પણ નિર્ણાયકશ્રી તરીકે ડૉ. ગીતાબહેન ઉનડકટે સેવાઓ આપી હતી.

## ૪) અર્થશાસ્ત્ર અભ્યાસવર્તુળ :-

૧) અર્થશાસ્ત્ર અભ્યાસવર્તુળની પ્રવૃતિઓની શરૂઆત તા. ૦૮-૦૭-૨૦૧૩ ના રોજ કરવામાં આવી. જેમાં અર્થશાસ્ત્ર વિષયની ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓનું સ્વાગત કરવામાં આવ્યું તથા કોલેજ અને અર્થશાસ્ત્ર વિભાગ અંગેના તેમના પ્રતિભાવો જાણવામાં આવ્યા.

૨) તા. ૧૫-૭-૨૦૧૩ ના રોજ અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા ચલાવવામાં આવતા Short Term Course- 'Rural Development ' શરૂ કરવામાં આવ્યો. આ કોર્ષનો સમયગાળો ત્રણ માસનો છે. આ કોર્ષનો પ્રા. તથા કો.ઓર્ડિનેટર અર્થશાસ્ત્ર વિભાગના મુલાકાતી પ્રાધ્યાપક શ્રી પિયુષભાઈ પાણખાણીયા છે.

૩) અર્થશાસ્ત્ર અભ્યાસવર્તુળ દ્વારા કોલેજના કોન્ફરન્સ હોલમાં યોજાતા BISAG લેક્ચરમાં ભાગ લીધો હતો.

૪) એક Expert Lecture નું આયોજન કરવામાં આવ્યું. જેના વક્તા શ્રી જયેશભાઈ ભટ્ટ હતા. તેમણે 'Self Help Group ' વિષય વિદ્વતાપૂર્ણ વ્યાખ્યાન આપ્યું હતું. તેઓ પોતે એક N.G.O.-નવજીવન સાથે સંકળાયેલા છે.

## ૫) સમાજશાસ્ત્ર અભ્યાસવર્તુળ :-

૧) તા. ૦૨-૦૭-૨૦૧૩ના રોજ સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા ચલાવવામાં આવતા 'Short Term Course-'Women's Rights & Law' નો શુભારંભ કરાયો. આ કોર્ષના પ્રાધ્યાપક તરીકે કુ. ફિરોઝા બેલીમ તથા કો. ઓર્ડિનેટર તરીકે ડૉ. રેખાબહેન મોઢા કાર્યરત છે. આ કોર્ષના સમયગાળો પણ ત્રણ માસનો છે.

૨) તા. ૧૫-૦૭-૨૦૧૩ ના રોજ સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા ચલાવવામાં આવતા એક 'Short Term Course-'Women Empowerment' નો શુભારંભ કરાયો. આ કોર્ષ U.G.C. માન્ય છે અને તેનો અભ્યાસ ત્રણ લેવલ (Certificate Course, Diploma Course તથા Advance Diploma Course) અનુસાર કરાવવામાં આવશે. આ કોર્ષના પ્રાધ્યાપક પણ કુ. ફિરોઝા બેલીમ તથા કો-ઓર્ડિનેટર ડૉ. રેખાબહેન મોઢા છે.

૩) તા. ૧૧-૦૭-૨૦૧૩ ના રોજ 'વિશ્વ વસ્તી દિન' નિમિતે ભારતની વસ્તીવૃદ્ધિની સમસ્યાને અનુલક્ષીને B.A.sem-5 ની વિદ્યાર્થીનીઓ દ્વારા સ્લોગન તૈયાર કરીને તેનું વાંચન કરાવવામાં આવ્યું.

## ૧૨) વર્ષગાંઠ અભિનંદન :-

શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪ થી ડૉ. ગોઢાણિયા મહિલા કોલેજના ન્યૂઝલેટર-જ્યોતિર્ગમયમાં આ નવી કોલમનો ઉમેરો થઈ રહ્યો છે. 'વર્ષગાંઠ અભિનંદન' શીર્ષક નીચે ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજના તમામ કર્મચારીઓ, પ્રિન્સિપાલશ્રી તથા ટ્રસ્ટીશ્રીઓને તેમની વર્ષગાંઠ નિમિતે અભિનંદન પાઠવવામાં આવશે.

પ્રસ્તુત અંકમાં ઓગસ્ટ-૨૦૧૩ તથા સપ્ટેમ્બર ૨૦૧૩ દરમિયાન જેમની વર્ષગાંઠ આવી રહી છે. તેમને સૌ પ્રથમ વખત અભિનંદન પાઠવતાં 'જ્યોતિર્ગમય' ની ટીમ અત્યંત હર્ષ અનુભવે છે.

તો આ રહ્યા- ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજના પરિવારના એ સભ્યો જેમની વર્ષગાંઠ ઓગસ્ટ-૨૦૧૩ તથા સપ્ટેમ્બર -૨૦૧૩માં આવી રહી છે.

**૧) ઓગસ્ટ-૨૦૧૩**

૧) તા. ૦૬-ઓગસ્ટ - પ્રિ.શ્રી. ડૉ. નાગરસાહેબ

૨) તા. ૩૧-ઓગસ્ટ - ડૉ. કમલેશભાઈ ગોહેલ

૩) તા. ૧૫-ઓગસ્ટ -ડૉ. ભાવનાબહેન કેશવાલા

૪) તા. ૧૧-ઓગસ્ટ - શ્રી બાલકૃષ્ણભાઈ ઉપાધ્યાય

૫) તા. ૧૫-ઓગસ્ટ - શ્રી ભરતભાઈ સિસોદીયા

૬) તા. ૦૪-ઓગસ્ટ - શ્રી દિલીપભાઈ ખુંટી

૭) તા. ૨૦-ઓગસ્ટ - પ્રા. ઋષિભાઈ પંડ્યા

૮) તા. ૨૨-ઓગસ્ટ - શ્રી દિલીપભાઈ તેરૈયા

**૨) સપ્ટેબર-૨૦૧૩**

૧) તા. ૧૪ સપ્ટેમ્બર - ટ્રસ્ટીશ્રી શ્રીમતી શાંતાબહેન ઓડેદરા

૨) તા. ૦૫ સપ્ટેમ્બર- ડૉ. ચેતનાબહેન બેચરા

૩) તા. ૧૧ સપ્ટેમ્બર- શ્રી દિવાળીબહેન સોનેરી

ઉપરોક્ત તમામ સભ્યોને તેમની વર્ષગાંઠ નિમિતે ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજ પરિવાર વતી ખુબ ખુબ અભિનંદન.

**૧૩) ટીચર્સ કોર્નર :-** શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪ થી કોલેજ ન્યુઝલેટર 'જ્યોતિર્ગમય' માં Teacher's corner નો પણ ઉમેરો થઈ રહ્યો છે. જેમાં દરેક અંકમાં મહિલા કોલેજમાં કાર્યરત કોઈપણ બે વિભાગના પ્રાધ્યાપકો દ્વારા રજુ થયેલા વિચારો-અભિપ્રાયો પ્રકાશિત કરવામાં આવશે.

જુન-જુલાઈ ૨૦૧૩ના અંકમાં મહિલા કોલેજના અર્થશાસ્ત્ર વિભાગ તથા સમાજશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપકશ્રીઓ દ્વારા રજુ થયેલા તેમના શિક્ષણ સંબંધિત વિચારો-અભિપ્રાયો પ્રસિદ્ધ કરતા પણ 'જ્યોતિર્ગમય' ની ટીમ આનંદની લાગણી અનુભવે છે.

**(૧) અર્થશાસ્ત્ર વિભાગ :-**

૧) ડૉ. ઈલાબહેન થાનકી :- **Education**

Education is not a preparation for life, education is life itself. The highest education is that which does not merely give us information but makes our life in harmony with all existence. True education should inculcate self-esteem, self-confidence and optimism in an individual. Right education should help the student, not only to develop his capacities, but to understand his own highest interest. (J. Krishnmurti)

૨) ડૉ. ભાવનાબહેન કેશવાલા :- 'શિક્ષણ'

શિક્ષણ એ મા સરસ્વતીની ઉપાસના અને આરાધનાનું પવિત્રધામ છે. જે બાળપણથી, બાલમંદિરમાંથી લઈને જીવનપર્યંત સુધીની યાત્રા છે. શિક્ષણરૂપી સંસ્કાર માનવને 'માનવી' બનાવવાની યાત્રામાં સફળ બનાવે છે. શિક્ષણ એ માનવતાને જીવંત રાખતી ઈશ્વરની એવી શક્તિશાળી માનવમાત્રને માટે ભેટ છે કે જે માનવીનાં અંતરના ઊંડાણમાં સમજણ અને સંસ્કાર, શિસ્ત અને શાણપણ, સત્ય અને સહિષ્ણુતા, સેવા અને સમર્પણરૂપી, સંસ્કારસભર સમાજનું નિર્માણ કરવામાં પ્રકાશરૂપી પુંજનું કામ કરી, માનવીનાં જીવનને પ્રગતિના પંથે પ્રયાણ કરવાનો પ્રયત્ન, ઈશ્વરને ધરેલી દિવ્યતાસભર ભેટ ગણાય છે.

૩) પ્રા. પિયુષભાઈ પાણખાણિયા :- 'શિક્ષણ'

શિક્ષણ એટલે જન્મથી માંડીને મરણ સુધીના બધા વાતાવરણની અસરો બધા પ્રકારની કેળવણી બધી શિસ્ત અને બધી સંસ્કૃતિનો સરવાળો. સાચું શિક્ષણ ફક્ત સત્યનું દર્શન જ કરાવતું નથી, પરંતુ તેનો અમલ પણ કરાવે છે અને તે જ તેનું પૂર્ણ ધ્યેય છે.

**(૨) સમાજશાસ્ત્ર વિભાગ :-**

૧) ડૉ. રેખાબહેન મોઢા :- 'શિક્ષણ'

શિક્ષણ એટલે કેળવણી. મારી દષ્ટિએ સાચી કેળવણી એ છે કે જે માનવીને સભ્યતા અર્પે, તેને સુસંસ્કૃત બનાવે અને તેને ઇશ્વરનું શ્રેષ્ઠ સર્જન સાબિત કરે.

૨) ડૉ. કીર્તિબહેન જાની :- 'શિક્ષણ'

કેળવણી બાળકના મન તેમજ શરીર બંનેનો વિકાસ કરે છે. બાળકને પોતાની ભૂમિ સાથે જડી રાખે છે. તે પોતાના મુલકના ભાવિનું ગૌરવભર્યું ચિત્ર બનાવે છે અને તે ચિત્રમાં જોયેલું ભાવિ હિન્દ રચવાનાં કાર્યમાં દરેક છોકરો કે છોકરી નિશાળે જતા થાય તે દિવસથી જ પોતાનો ફાળો આપે તેવી ગોઠવણ કરે છે. -ગાંધીજી

**૧૪) સ્ટુડન્ટ કોર્નર :-**

**Krishna Janmashtmi**

Krishna was the eight son of Devki and Vasudev. The festival is celebrated on the eight day of the Krishnapaksh of the month of Shravan in the Hindu calendar. Hindus celebrate Janmashtmi by fasting and staying up until midnight, the time when Krishna is believed to have been born. We celebrate the Dahi-Handi. The teams of young men form human towers to reach a high-hanging pot of butter and break it. We are very enjoy this festival.

-Vinika Kotiya (B.Com. sem-3)




### १५ अगस्त

हमे मिली आजादी अपनो के खुन से
हमे मिली आजादी अंग्रेजो के जाने से
हमे मिली आजादी भारत की एकता से
हमे मिली आजादी गांधीजी के विश्वास से
हमे मिली आजादी लक्ष्मीबाई जैसी नारी से
हमे मिली आजादी हिन्दु-मुस्लिम एकता से
हमे मिली आजादी १५ वी अगस्त से

-कु. भगवती कामरीया (बी.अे. सेम-५)



### रक्षाबंधन

फुल की शुरुआत कली से है
ण्दगी की शुरुआत प्यार से है
प्यार की शुरुआत अपनो से है
और अपनो की शुरुआत आप से है, मेरे भैया...
रक्षबंधन के दिन राखी बांधुगी आपको
और भगवान से ये दुआ करुंगी की
आपको तारे-तुम्हारो आंगन को खुशीयाँ दे
चांद-चांदनी दे आपको सभी फुल खुश्बु दे आपको
मै तो कया दे सकती हुं आपको
पर देनेवाला सब कुछ दे आपको

-कु. नेहा गोहेल (बी.कोम. सेमे-५)

### ટ્રસ્ટીશ્રીના બે બોલ :-

ૐ...

નવા શૈક્ષણિક સત્રમાં અભ્યાસ ઉપરાંતની પ્રવૃતિઓની પણ શરૂઆત થઈ ચુકી છે. એની પ્રતિતિરૂપ જ્યોતિર્ગમયનો ૨૦૧૩-૧૪ના વર્ષનો પ્રથમ અંક પ્રસિદ્ધ થઈ રહ્યો છે.
દરેકને શુભેચ્છા...

ગોઢાણિયા કોલેજની વિદ્યાર્થીનીઓ સારામાં સારી કેળવણી મેળવે અને સાથેસાથે અન્ય પ્રવૃતિઓમાં પ્રવિણ થઈ પોતાના જીવનને ઉજ્જવળ બનાવે તેવી શુભકામના...

-શ્રી ભરતભાઈ વિસાણા

### પ્રિન્સિપાલશ્રીના બે બોલ :-

**ROOTS**
Unfathomable the roots greatly are
But
How do we measure that ?
By
Fruits? Flowers? Shadows?
Thus we ascertain
Sky's height
The distance its arms has covered
On earth
Bereft of water, dry, stony
Earth
On which we stand
Is still green
A proof of roots depth
Immeasurably full of love...

- Dr. Anupam Nagar

### તંત્રી સ્થાનેથી :-

તા. ૦૧લી જુલાઈ-૨૦૧૩ના રોજ ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજે પોતાની સ્થાપનાના ૨૫ વર્ષ પુરાં કર્યા અને ૨૬માં વર્ષમાં મંગલપ્રવેશ કર્યો. આવાનારા દિવસો, મહિનાઓ અને વર્ષો દરમ્યાન પણ આ કોલેજ પ્રગતિના અને પ્રતિષ્ઠાનાં સોપાનો સતત સર કરતી જ રહે તેવી શુભકામનાઓ સાથે... આભાર...

૧) ડૉ. રેખાબહેન મોઢા
૨) પ્રા. વર્ષાબહેન જોષી
૩) પ્રા. રાકેશભાઈ કક્કડ
૪) શ્રી સુરેશભાઈ ગોરસિયા